નિયામક
એમ.એન.ભાડ

ક્રમાંક : જીસીઈઆરટી/સી &ઈ/મૂલ્યાંકન/૧૧/ ૧૬૦૮૩ - ૧૬૧૭૨
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : gcert_21@yahoo.com
Web : www.gcert.gujarat.gov.in
તારીખ ૧૫ - ૮ - ૨૦૧૧

પ્રતિ,

1. પ્રાચાર્યશ્રી,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (તમામ)
2. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ)
3. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
4. શાસનાધિકારીશ્રી (તમામ)

**વિષય : રાજયની તમામ પ્રાથમિક શાળાઓ માટે ધોરણ–1 થી 8 ની મૂલ્યાંકન યોજના**

**વંચાણે લીધા :**

1. શિક્ષણ વિભાગના પત્રાંકઃ જીએચ/એસએચ/31/2011/જેઅસબી/1210/186/ન તારીખઃ 14-7-11
2. અત્રેની કચેરીના પત્રાંક : જીસીઈઆરટી / સીએમડીઈ / 02 / 2003 / 14824– 14973 તા.8–9–2003
3. અત્રેની કચેરીના પત્રાંક / જીસીઈઆરટી / સીએમડીઈ / 10288-10388 તા.6–7–2004
4. જીસીઈઆરટી / સીએમડીઈ / 02 / 06 / 20988 થી 21075 તા.29–8–2006
5. જીસીઈઆરટી / સીએન્ડઈ / 2010/ 14506 થી 14558 તા.03–09–2010

**શ્રીમાન,**

ગુજરાત રાજયમાં આવેલી સરકાર માન્ય (ખાનગી ટ્રસ્ટ સંચાલિત સહિતની) તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ – 1 થી 7 માં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલી મૂલ્યાંકન પ્રણાલી અમલમાં છે. આ અંગેના વિગતવાર પરિપત્રો વંચાણે લીધા પત્રો 1 થી 4 આપને મોકલવામાં આવેલ છે. આ પરિપત્રો જીસીઈઆરટીના મુખપત્ર જીવનશિક્ષણના સપ્ટેમ્બર – 2003 અને જુલાઈ–2004ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે.

RTE-2009 અંતર્ગત થયેલ જોગવાઈ તેમજ RTE એકટની કલમ 29 ના અમલીકરણ બાદ રાજયમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE) ના માધ્યમથી ધોરણ – 1 થી 8 ના વિદ્યાર્થીઓના શૈક્ષણિક, સામાજિક, બૌદ્ધિક અને શારીરિક એમ સર્વગ્રાહી વિકાસની નોંધ કરવાની રહે છે. વિદ્યાર્થીના સતત અવલોકન અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની ભાગીદારી આધારે તેના ગુણો, વલણો, રસ, રુચિની નોંધ રાખવાની છે. આ બાબતો ધ્યાને લઈ ધોરણ – 1 થી 8 ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું રહેશે. આ મૂલ્યાંકન માળખા મુજબ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં (જિલ્લા પંચાયત હસ્તક, નગરપાલિકા અને મહાનગરપાલિકા હસ્તકની તેમજ ખાનગી શાળાઓ–તમામમાં) અમલ થાય તે માટે જરૂરી આયોજન કરવા આપશ્રીને જણાવવામાં આવે છે.

## ધોરણ ૧ અને ૨ માટેનું મૂલ્યાંકન માળખું

1. તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ–1 અને 2 માં **અગાઉની જેમ જ મૂલ્યાંકન કરવાનું રહેશે** તથા વિદ્યાર્થીઓનાં પ્રગતિપત્રકો અને પરિણામપત્રકો બનાવવાનાં રહેશે. પ્રત્યક્ષ ગ્રેડીગ પદ્ધતિથી ગ્રેડ A,B,C પૈકી યોગ્ય ગ્રેડ આપવાના રહેશે.
2. ધોરણ–1 અને 2 માં વિવિધ અવલોકનો, જૂથકાર્ય, પ્રવૃત્તિઓ, રમતો વગેરે દ્વારા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવાનું રહેશે. અનૌપચારિક મૂલ્યાંકનની સાથે સાથે ઉપચારાત્મક શિક્ષણ કરવાનું રહેશે. તેમજ તેમાં દર્શાવેલ ગુણો અને કૌશલ્યોનું મૂલ્યાંકન કરવાનું રહેશે અને તેનું પ્રવૃત્તિ રજિસ્ટર નિભાવવાનું રહેશે.

## ધોરણ ૩ અને ૮ માટેનું મૂલ્યાંકન માળખું

3. ધોરણ–3 થી 8 માં સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ સહિત તમામ શૈક્ષણિક વિષયોમાં (નીચેના મુદ્દા નં. 4 થી 6 સિવાય) નીચે મુજબ સત્રાંતે ઔપચારિક લેખિત મૂલ્યાંકન કરવાનું રહેશે.સત્રવાર અભ્યાસક્રમમાંથી જ મૂલ્યાંકન કરવાનું રહેશે. પહેલા સત્રનો અભ્યાસક્રમ બીજા સત્રમાં પૂછાશે નહી.

| **સત્ર** | **મૂલ્યાંકનનો પ્રકાર** | **ધો: ૩ થી ૫ ગુણ** | **ધો: ૬ થી ૮ ગુણ** | **સમયગાળો** |
|---|---|---|---|---|
| પ્રથમ | લેખિત | 40 | 80 | પ્રથમ સત્રના અંતમાં |
| દ્વિતીય | | 40 | 80 | વર્ષના અંતમાં |

***નોંધ : ધો: ૬ થી ૮ માં શિક્ષકે પ્રગતિ પત્રક અને પરિણામ પત્રક તૈયાર કરતી વખતે કુલ 80 ગુણમાંથી મેળવેલ ગુણને 2 (બે) વડે ભાગતાં આવનાર ગુણને પરિશિષ્ટ–અમાં ઔપચારિક સમયાંતરે મૂલ્યાંકનના 40 ગુણના કોલમમાં પૂર્ણાંકમાં દર્શાવવાના રહેશે.***

**નીચે આપેલ વિષયોનું મૂલ્યાંકન નીચે દર્શાવેલ માળખાં મુજબ કરવાનું રહેશે.**

4. **ધોરણ–4 હિન્દી** અને **ધોરણ–6–7 સંસ્કૃત** વિષયની 100 ગુણનું મૂલ્યાંકન કરવાનું રહેશે.
   સમગ્ર વર્ષનું અનૌપચારિક મૂલ્યાંકન – 40 ગુણ
   લેખિત મૂલ્યાંકન – 40 ગુણ
   સ્વાધ્યાય કાર્ય – 20 ગુણ
5. **ચિત્રકામ (ધોરણ–8 માટે)** કુલ ગુણ 100 રહેશે. જેમાં
   – પુસ્તક આધારિત લેખિત મૂલ્યાંકન – 40ગુણ
   – ચિત્રકામ /પ્રાયોગિક કાર્ય – 40 ગુણ
   – ચિત્રપોથીના આધારે આંતરિક મૂલ્યાંકન – 20 ગુણ
6. **કમ્પ્યુટર (ધોરણ–8 માટે)** કુલ ગુણ – 100 રહેશે. જેની ફાળવણી નીચે મુજબ રહેશે.
   – લેખિત મૂલ્યાંકન – 40 ગુણ
   – સમગ્ર વર્ષનું અનૌપચારિક મૂલ્યાંકન – 40 ગુણ
   – નોટબુકના આધારે આંતરિક મૂલ્યાંકન – 20 ગુણ
7. RTE – 2009 એકટની જોગવાઈ અનુસાર સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE) કરવાનું રહેશે. દરેક વિષયમાં જે તે ક્ષમતાના અધ્યયનકાર્યની સાથે સાથે શિક્ષકે ક્ષમતા વિધાનને ધ્યાને લઈ મૌખિક, ક્રિયાત્મક કે લેખિત સ્વરૂપે સતત મૂલ્યાંકન કરવાનું રહેશે.

આ માટે પ્રત્યેક ધોરણના પ્રત્યેક વિષયને ધ્યાને લેતાં જે ધોરણ અને વિષયના સત્રવાર અભ્યાસક્રમમાં 20 કે તેથી ઓછી ક્ષમતાઓ આપેલી હોય ત્યાં તમામ ક્ષમતાઓનો સતત મૂલ્યાંકન માટે પરિશષ્ટ–અ માં સમાવેશ કરવો. પરંતુ જયાં પ્રત્યેક સત્રમાં 20 કરતાં વધારે ક્ષમતાઓ હોય ત્યાં પ્રતિનિધિરૂપ 20 ક્ષમતાઓને અલગ તારવવી અને તેનો **પરિશષ્ટ–અ** માં સમાવેશ કરવો.

અનૌપચારિક મૂલ્યાંકન આધારે દરેક વિદ્યાર્થીની ક્ષમતા સિદ્ધિ માટેનાં √,?,× નાં નિશાન કરવાનાં છે. (ક્ષમતાની પૂર્ણ સિદ્ધિ માટે √, ક્ષમતાની કચાશ માટે ? અને ક્ષમતાની સિદ્ધિ ન થઈ તે માટે × ની નિશાની કરવી) શિક્ષકે વિદ્યાર્થીઓમાં ક્ષમતાની પૂર્ણ સિદ્ધિ માટે સતત પ્રયત્ન કરવાનો છે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં કાચા ન રહે તેવું જવાબદારીપૂર્વક કાર્ય કરવાનું રહેશે.આવા સતત મૂલ્યાંકન આધારે દરેક વિષયમાં સત્રાંતે 40 ગુણનું અનૌપચારિક મૂલ્યાંકન કરવાનું રહેશે. શાળાના મુખ્ય શિક્ષકે તથા સીઆરસીકો.ઓર્ડિનેટરે અવારનવાર તથા અન્ય અધિકારીઓએ પોતાની શાળા મુલાકાત વખતે સતત અનૌપચારિક મૂલ્યાંકનનાં પત્રકો **(જુઓ પરિશિષ્ટ–અ)** અને તે અંગેના જરૂરી આધારો ચકાસવાના રહેશે.

8. અત્યારે ધોરણ 3 અને 4 માં સર્જનાત્મક **પ્રવૃત્તિ,** ધોરણ 5 થી 7 માં કલા શિક્ષણ તથા ધોરણ 3 થી 7માં સ.ઉ.ઉ.કા. વિષય છે.તે તમામ વિષયોની વિગતો સહઅભ્યાસિક વિષયમાં સમાવી તેના આધારે વિધાનો આપ્યાં છે.શિક્ષકે પોતાની કુનેહથી ચિત્ર,સંગીત,કલા,યોગ,વ્યાયામ વગેરેના પૂરતા અનુભવો આપવાના રહેશે.શાળા કક્ષાએ અનેક સ્પર્ધાત્મક કાર્યક્રમો પણ યોજવાના રહેશે.

9. વિદ્યાર્થીના ગુણ,વલણ,રસ તેમજ સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગીદારી અને ઉત્કૃષ્ઠતાના સંદર્ભમાં પરિશિષ્ટ– બ માં આપેલા નિયત પત્રકો 1 થી 4માં 40 વિધાનો આપ્યાં છે.ધોરણ 3 અને 4 માં પ્રત્યેક વિધાનદીઠ – 05 ગુણમાંથી (40 વિધાન × 5 =200 માંથી) મળવાપાત્ર ગુણ આપવાના રહેશે. તેમજ ધોરણ 5 થી 8માં પ્રત્યેક વિધાનદીઠ – 10 ગુણમાંથી ( 40 વિધાન × 10 =400 માંથી) મળવાપાત્ર ગુણ આપવાના રહેશે.આ મુજબ દર બે માસે મૂલ્યાંકન કરવાનું રહેશે.**આ મૂલ્યાંકન કાર્યના જરૂરી તમામ આધારો નિભાવવાના રહેશે.**

10. વિધાર્થીના સર્વાંગી વિકાસ માટે સહઅભ્યાસિક વિષયોનું ખૂબ જ મહત્ત્વ છે.વિધાર્થીઓમાં સુટેવો અને યોગ્ય વલણ ઘડતર તેમજ રસ,રુચિ,કૌશલ્યોની કેળવણી માટે પ્રત્યેક શિક્ષકે પૂરતું ધ્યાન આપવાનું રહેશે.આ માટે પૂરતા અનુભવો પૂરા પાડવા.આ વિષયમાં ઉત્તમ અધ્યયન અનુભવો સાથે ખૂબ જ તટસ્થ મૂલ્યાંકન કરવું અને ભૂલ સુધારની તક આપી સુદઢીકરણના સતત પ્રયત્નો કરવા.

11. વિદ્યાર્થીના સર્વાંગીણ મૂલ્યાંકનના ભાગરૂપે શિક્ષક અને વિદ્યાર્થી દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિ માટે **પરિશિષ્ટ–ઈ** માં આપવામાં આવેલ **સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન પત્રક ( ધોરણઃ 1 થી 5 ) પરિશિષ્ટ–એફ – સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન પત્રક ( ધોરણઃ 6 થી 8 ) ની સાથે** વિદ્યાર્થીઓના પ્રોફાઈલ અને પોર્ટફોલીયો નિભાવવાના રહેશે.

12. ધોરણ–3 થી 8 ના વિષયવાર કુલ ગુણ નીચે પ્રમાણે રહેશે.

તમામ પ્રાથમિક શાળાઓ માટે અભ્યાસિક અને સહ–અભ્યાસિક વિષયોનું ઔપચારિક અને અનૌપચારિક કુલ ગુણાંકનનું માળખું

| વિષય | | **ધોરણ–3 ના કુલ ગુણ** | **ધોરણ–4 ના કુલ ગુણ** | **ધોરણ–5 ના કુલ ગુણ** | **ધોરણ–6-7 ના કુલ ગુણ** | **ધોરણ–8 ના કુલ ગુણ** |
|---|---|---|---|---|---|---|
| અભ્યાસિક વિષયો | ગુજરાતી | 200 | 200 | 200 | 200 | 200 |
| | ગણિત | 200 | 200 | 200 | 200 | 200 |
| | પર્યાવરણ | 200 | 200 | - | - | - |
| | હિન્દી | - | 100 | 200 | 200 | 200 |
| | અંગ્રેજી | - | - | 200 | 200 | 200 |
| | સંસ્કૃત | - | - | - | 100 | 200 |
| | સા.વિજ્ઞાન | - | - | 200 | 200 | 200 |
| | વિજ્ઞાન અને ટેકનોલોજી | - | - | 200 | 200 | 200 |
| | સ્વા.શા.શિ. | - | - | 200 | 200 | 200 |
| | કમ્પ્યુટર | - | - | - | - | 100 |
| | ચિત્રકામ | - | - | - | - | 100 |
| **પરિશિષ્ટ બ** ના ક્ષેત્ર 1 થી 4 નાં 40 વિધાનો આધારે ગુણ | | 200 | 200 | 400 | 400 | 400 |
| **કુલ ગુણ** | | **800** | **900** | **1800** | **1900** | **2200** |

13. વર્ષાંતે દરેક વિષયમાં દરેક સત્રના 40 + 40 = 80 ગુણનું અનૌપચારિક મૂલ્યાંકન તથા વિષયવાર 40 + 40 = 80 ગુણનું ઔપચારિક મૂલ્યાંકન તથા જે તે વિષયમાં વિદ્યાર્થીએ કરેલ સ્વાધ્યાયકાર્ય, સ્વતંત્ર લેખનકાર્ય, પ્રયોગપોથી, પ્રોજેક્ટ કાર્ય, નકશાપોથી વગેરેના સત્રદીઠ 20 + 20 = 40 ગુણ મળી કુલ 200 ગુણમાંથી મેળવેલ ગુણના આધારે ગ્રેડ આપવાના રહેશે. પ્રત્યેક વિદ્યાર્થીનું જે તે આનુસંગિક સ્વઅધ્યયનકાર્ય યોગ્ય રીતે થાય તેની શિક્ષકે ખૂબ જ કાળજી લેવાની રહેશે. મુખ્ય શિક્ષકે અને સી.આર.સી. કો.ઓર્ડિનેટરે અવારનવાર તેની ચકાસણી કરવાની રહેશે.**(જુઓ પરિશિષ્ટ–બ)** તેમજ ધોરણ 3 અને 4 માં સહ અભ્યાસિક વિષયમાં 200 ગુણમાંથી અને ધોરણ 5 થી 8 માં સહ અભ્યાસિક વિષયમાં 400 ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ગ્રેડ આપવાના રહેશે. સહ અભ્યાસિક વિષયોના ગુણાંકનમાં સત્રને ધ્યાને ન લેતાં વર્ષાંતે ગુણની ગણતરી કરી ગ્રેડ આપવાના રહેશે.

14. ધોરણ–3 થી 7 માં વાર્ષિક પરીક્ષાને અંતે પરિણામ પત્રકમાં ગુણને સ્થાને ગ્રેડનો ઉલ્લેખ કરવાનો રહેશે. પ્રત્યેક વિષયમાં મેળવેલ ગુણ અને તમામ વિષયોના મેળવેલ એકંદરે કુલ ગુણને આધારે ગ્રેડની ગણતરી નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| 35 % થી ઓછા | E ગ્રેડ |
| 35 % થી 50 % થી ઓછા | D ગ્રેડ |
| 50 % થી 65 % થી ઓછા | C ગ્રેડ |
| 65 % થી 80 % થી ઓછા | B ગ્રેડ |
| 80 % થી 100 % સુધી | A ગ્રેડ |

15. ધોરણ–8 ના પરિણામ પત્રકમાં અને ગુણપત્રકમાં ગુણ અને ગ્રેડ બંનેનો ઉલ્લેખ કરવાનો રહેશે.

16. ***શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૨૦૧૧–૧૪૯–ક તારીખ ૧૮ ફેબ્રુઆરી– ૨૦૧૧ અન્વયે ધોરણ 1 થી 8 સુધીમાં વિદ્યાર્થીને કોઈપણ ધોરણમાં અટકાવી શકાશે નહીં. તેમજ વર્ગબઢતી માટે ગુણ કે ગ્રેડ ધ્યાને લેવાના રહેશે નહીં.***

17. ધોરણ–3 થી 8 ના પરિણામપત્રકો તથા ગુણપત્રકોના ગુણ અંગ્રેજી અંકોમાં લખવાના રહેશે.

18. પ્રત્યેક વિદ્યાર્થીનું ઉપરોક્ત માળખા મુજબ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરવાનું રહેશે.ખાસ અનિવાર્ય સંજોગોમાં કોઈ વિદ્યાર્થી ઔપચારિક લેખિત મૂલ્યાંકન વખતે હાજર ન રહી શકે તો પણ આચાર્યશ્રીએ શકય એટલા નજીકના દિવસોમાં સંબંધિત વિદ્યાર્થીનું બાકી રહેલ ઔપચારિક લેખિત મૂલ્યાંકન કરવાનું રહેશે.

19. કોઈપણ વિદ્યાર્થી વર્ષ દરમિયાન અધવચ્ચેથી શાળા છોડી જાય ત્યારે શાળા છોડે ત્યાં સુધીના કાર્ય દિવસો, હાજર દિવસો, વિષયવાર મૂલ્યાંકનના આધારે મેળવેલ ગુણ તથા સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન પત્રક વગેરે આધારો શાળા છોડવાના પ્રમાણપત્ર સાથે આપવાના રહેશે. વર્ષમાં વચ્ચેથી અન્ય શાળામાંથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસેથી અગાઉની શાળાએ આપેલા ઉપરોક્ત આધારો મેળવવાના રહેશે.

20. સતત સર્વગ્રાહી મૂલ્યાંકન માટે **ધોરણ 1 થી 8નાં સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન પત્રકો તથા પરિશિષ્ટ અ,બ, ક અને સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન પત્રક ( ધોરણઃ 1 થી 5 ) પરિશિષ્ટ–ઈ તેમજ સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન પત્રક ( ધોરણઃ 6 થી 8 ) પરિશિષ્ટ–એફ** મુજબની તમામ સ્ટેશનરી તૈયાર કરીને દરેક સરકારી શાળાની જરૂરિયાત પ્રમાણે પૂરતી સંખ્યામાં તેમજ મૂલ્યાંકન સંબંધિત આ પરિપત્ર દરેક શાળામાં સમયસર પહોંચતો કરવાની જવાબદારી જે તે જિલ્લાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ / નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની રહેશે.

21. બંને સત્રના લેખિત કસોટીના પ્રશ્નપત્રોની હસ્તપ્રત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મુદ્દા નંબર–3 ના કોઠા મુજબ તૈયાર કરશે. આમ, તૈયાર થયેલાં બંને સત્રનાં ઔપચારિક લેખિત મૂલ્યાંકનનાં પ્રશ્નપત્રો છપાવીને સરકારી શાળાઓ સુધી પહોંચાડવાની તથા મૂલ્યાંકનને આનુસાંગિક સઘળી જવાબદારી જે તે જિલ્લાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ / નગરપ્રાથમિક શિક્ષણ સમિતિની રહેશે.

22. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીએ પોત પોતાના તાબાની શાળાઓમાં ધોરણ–1 અને 2ની મૂલ્યાંકન પ્રક્રિયામાં એકસૂત્રતા જાળવવાની રહેશે. તથા ધોરણ 3 થી 8 માં પ્રત્યેક વિષયનાં એક સરખાં પ્રશ્નપત્રો અને એક સરખો કસોટી કાર્યક્રમ રાખવાનો રહેશે.

23. જો કોઈપણ શાળા ધોરણ 1 થી 8 માટે વિદ્યાર્થીઓના વાલીઓનો વિશ્વાસ સંપાદન કરીને પોતાની આગવી મૂલ્યાંકન પદ્ધતિ અપનાવવા ઈચ્છે તો તે શાળાએ RTE-09નાં સૂચનો અને સીસીઈને ધ્યાનમાં રાખી મૂલ્યાંકનના નવા માળખાની સંપૂર્ણ વિગતો રજૂ કરતી દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીના માધ્યમથી સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રીને કરવાની રહેશે. સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી આ દરખાસ્ત માટે જરૂરી પરામર્શ કરીને સંબંધિત દરખાસ્ત આરટીઈના મૂલ્યાંકન સૂચનોને અનુરૂપ અને

યોગ્ય હશે તો શૈક્ષણિક વર્ષ શરૂ થતાં પહેલાં તે અનુસંધાને યોગ્ય નિર્ણય કરશે. દરખાસ્ત મંજૂર થયે શાળા પોતાની આગવી મૂલ્યાંકન પદ્ધતિનો અમલ કરી શકશે. વર્ષાન્તે શાળાએ આ મૂલ્યાંકન પદ્ધતિનો સમીક્ષા અહેવાલ આપવાનો રહેશે.

24. પરિપત્રના સંદર્ભમાં કોઈ માર્ગદર્શનની જરૂર હોય તો સદર કચેરીનો અથવા આપના જિલ્લામાં આવેલા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો સંપર્ક કરવો.

**નોંધઃ– અજમાયશી તાલુકાની શાળાઓ માટે અલગથી પરિપત્ર કરેલ હોઈ આ પરિપત્ર માત્ર અજમાયશી તાલુકાની શાળાઓ સિવાયની શાળાઓને લાગુ પડશે.**

**નિયામક**
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ

- અગ્રસચિવશ્રી,શિક્ષણ વિભાગ,ગાંધીનગર
- સચિવશ્રી,પ્રાથમિક શિક્ષણ,શિક્ષણ વિભાગ,ગાંધીનગર
- નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,સચિવાલય,ગાંધીનગર